દાવો રજુ થયા તારીખ ::– ૨૩/૦૬/૨૦૨૫
દાવો રજીસ્ટરે નોંધ્યા તારીખ ::– ૨૩/૦૬/૨૦૨૫
દાવાની ફેસલ તારીખ ::– ૦૬/૦૩/૨૦૨૬
દાવાની સમય અવધી ::– વર્ષ–માસ–દિવસ.

**ધ્રાંગધ્રાના મહેરબાન પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ ::– ધ્રાંગધ્રા.**

**રેગ્યુલર દિવાની મુકદ્દમાં નંબર– ૬૭૦/૨૦૨૫**
**આંક–**

**વાદી ::– પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,**
ઠેકાણું–મવારોડ, રાજકોટ, જેની
રાજસીતાપુર સબ ડીવીઝન ઓફીસ,
રાજસીતાપુર, તાલુકો–ધ્રાંગધ્રા,જીલ્લો–સુરેન્દ્રનગર.

**–:: વિરૂધ્ધ ::–**

**પ્રતિવાદી ::– ઝાલા નવુભા કલુભા,**
રહે. ગાળા ,તા.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર.

**દાવો::– દાવાની રકમ રૂપિયા ૨૧,૯૧૫.૯૫/– પૈસા વસુલ લેવા અંગેનો.**

**એડવોકેટસ::–** વાદી પક્ષકાર તરફેથી વિદ્વાન વકીલશ્રી ::–બી.જે.દ્રીવેદી
પ્રતિવાદીનાઓ વિરૂદ્ધ એકતરફી કાર્યવાહી કરવાનો હુકમ થયેલ છે.

**<u>–:: ચુકાદો ::–</u>**

**(૦૧)** આ કામના વાદી વિજ કંપનીના દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી વિજ કંપની ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ તેમજ ઈલેકટ્રીક સપ્લાય એકટ હેઠળ લાયસન્સી ધરાવતી કંપની છે અને વાદી વિજ કંપની વિજ પુરવઠો પુરો પાડે છે. જયારે આ કામના પ્રતિવાદીનાઓ આ કામના વાદી વિજકંપનીના કાયદેસરના ગ્રાહક છે અને જેઓ વિજ જોડાણ તેઓનો ગ્રાહક નંબર–૭૨૭૪૨/૦૦૧૦૪/૨ થી ઘરવપરાશનું કનેકશ ધરાવતા હતા અને આ કામના વાદી વિજ કંપની દ્રારા ધારાધોરણ નિયમો અનુસાર આ કામના પ્રતિવાદીનાઓને નિયમિત રીતે વિજ પુરવઠો આપવામાં આવતો અને તે અંગેનું પ્રતિવાદીનાઓને વાદી વિજ કંપની દ્રારા કાયદેસરનું બીલ આપવામાં આવતું અને સદર વિજ વપરાશ ના બીલની રકમ નિયમીત રીતે પ્રતિવાદીનાઓ ભરપાઇ કરતા ન હોતા તેથી આ કામના પ્રતિવાદીનાઓ ને લીગલ નોટીસ તારીખ:–૦૭/૦૫/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ અને જે નોટીસ પ્રતિવાદીને મળી ગયેલ છે. જયારે

આ કામના પ્રતિવાદીનાઓએ આ કામના વાદી વિજ કંપનીની લેણી રકમ ચુકવેલ ન હોય વાદીએ હાલનો દાવો પ્રતિવાદીનાઓ પાસેથી લેણી વિજ વપરાશની રકમ મેળવવા માટે કરેલ છે. વાદીએ દાવા અરજી સાથે અરજીમાં જણાવેલ વિગતવારની હકીકત ના સમર્થનમાં દસ્તાવેજો રજુ રાખેલ છે. વાદીએ માંગ્યા મુજબની દાદ મંજુર કરવા સદર દાવા અરજી હકીકતોથી અરજ કરેલ છે.

**<u>વાદીએ દાવા અરજીમાં નીચે મુજબની દાદ મેળવવા આ દાવો કરેલ છે.</u>**

તેઓ વાદીના પ્રતિવાદી પાસે લેણી રહેતી રકમ ના રૂપિયા અને તે બાકી લેણા તથા વિલંબીત ચુકવણી ચાર્જની રકમ મળી કુલ રકમ રૂપિયા ૨૧,૯૧૫.૯૫/– પૈસા પુરા દાવાના તમામ ખર્ચ સહિત દાવા તારીખ થી ૧૮% ટકાના ચડતા વ્યાજે આ કામના પ્રતિવાદીની હરેક જાત–મિલકતથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરી આપવા સદર દાવા અરજી હકીકતોથી અરજ ગુજારેલ છે.

ત્યારબાદ સદર દાવાના કામે આંક–૦૬ થી અત્રેની અદાલત દ્વારા મુદ્દાનું નિર્માણ કરેલ છે અને ત્યારબાદ સદર દાવાનું કામ વાદીના પુરાવા પર રાખીને વાદીનો પુરાવો નોંધવામાં આવેલ છે. જેમાં વાદી દ્વારા સિવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૧૮ રૂલ–૪ અન્વયે સરતપાસનું સોંગદનામું વાદીનાઓ તરફેથી રજુ થવા પામેલ છે તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર દાવાના વાદી દ્વારા કલોઝીંગ પુરશીસ રજુ થવા પામેલ છે.

**(૦૨)** જયારે સદર વાદીના દાવાના કામના પ્રતિવાદીનાઓ ને અત્રેની અદાલત દ્વારા *આંક–૦૫* ધોરણસરની સમન્સની બજવણી કરાવતા પ્રતિવાદી પોતે હાજર નહી મળી આવતા તેઓના ભત્રીજા ચેતનસિંહ જસુભા કે જેઓ પુખ્ત વયના હોય તેઓને સમન્સની નકલ તથા તેની સાથે મુદ્દત તારીખની જાણ કરેલ અને તે સબંધે સમન્સનો સ્વિકાર કરનારે તેનો સહિ કરી આપીને સમન્સ/નોટીસનો સ્વિકાર કરેલ છે. સદરહું હકીકત રેકર્ડે રજુ સમન્સ પરના બેલીફશ્રીનાઓએ કરેલ શેરા હકીકતોને ધ્યાને લેતા જણાઇ આવે છે. આમ આ કામના પ્રતિવાદીનાઓને ધોરણસરની સમન્સની બજવણી થઇ ગયેલ હોવા છતા તેઓ કે તેમના તર્ફેથી કોઇ પ્રતિનિધી ઉપસ્થિત રહીને સમગ્ર દાવાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ઉપસ્થિત રહેલ ન હોય જેથી આ કામના પ્રતિવાદીના વિરૂદ્ધ વાદીનો સદર દાવાની ઈન્સાફી કાર્યવાહી એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે અને સદરહું દાવાના પ્રિતવાદી દ્વારા તેઓ વિરૂદ્ધના વાદીના સદર દાવાની સમગ્ર કાર્યવાહી દરમ્યાન ગેરહાજર રહેલ છે અને તેઓ પ્રતિવાદીનાઓ પોતે જાતે કે તેમના તરફેથી કોઇ પ્રતિનીધીની નિમણુંક કરાવીને તેઓ પ્રતિવાદી વિરૂદ્ધના સદર દાવાના કામે એકતરફી કાર્યવાહી નો તેઓ વિરૂદ્ધનો થયેલ હુકમ રદ્દ કરાવેલ નથી. આથી, આ દાવામાં પ્રતિવાદી તરફે લેખીત જવાબ રજુ થયેલ નથી કે પુરાવો રજુ થયેલ નથી કે દલીલો પણ રજુ થયેલ નથી. ઉપરોકત

હકીકતે પુરાવો નોંધ્યા બાદ વાદી વિજ કંપનીના વિદ્વાન વકીલશ્રીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૦૩)** સદરહું વાદીના દાવાના ન્યાયીક નિર્ણય હેતું અત્રેની અદાલત દ્વારા આંક–૦૬ થી નીચે મુજબના મદ્દાઓનું નિર્માણ કરવામાં આવેલ છે.

**–:: <u>મુદ્દા</u> ::–**

મુદ્દા નંબર–૧ ::– શું વાદી પુરવાર કરે છે કે, વાદી પ્રતિવાદી પાસેથી વિજ વપરાશની બાકી લેણી રકમ તરીકે દાવાવાળી રકમ વસુલ મેળવવા હક્કદાર છે ?

મુદ્દા નંબર–૨ ::– શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

મુદ્દા નંબર–૩ ::– શું હુકમ અને હુકમનામું?

**(૩.૧)** આ દાવાના રેકર્ડ પર રજુ પક્ષનિવેદન તેમજ મૌખીક અને દસ્તાવેજી પુરાવા તેમજ દલીલ લક્ષમાં લેતા, નિર્માણ થયેલ ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

**–:: <u>નિર્ણય</u> ::–**

મુદ્દા નંબર–૧ ::– હકારમાં

મુદ્દા નંબર–૨ ::– અંશત:હકારમાં

મુદ્દા નંબર–૩ ::– આખરી હુકમ મુજબ.

**(૦૪)**ઉપરોકત નિર્માણ કરેલ મુદ્દાઓના નિર્ણય અંગેના કારણોની ચર્ચા કરતા અગાઉ રજુ પુરાવાના મુલ્યાંકન સંદર્ભે ની કાયદાકીય જોગવાઇઓ અન્વયે પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત લક્ષમાં લેતા, સિવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૧૪, ની જોગવાઇ મુજબ ઘડવામાં આવેલ મુદ્દાઓ નો નિર્ણય, પક્ષકારો ના પક્ષ નીવેદન, રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા અને દલીલો લક્ષમાં લઇ કરવાનો હોય છે. સદરહું વાદીના પ્રતિવાદીના વિરૂદ્ધની દાવાની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન પક્ષ નિવેદનથી સ્વિકારેલ હકીકત સિવાયની તકરારી હકીકત સાબીત થયેલ છે કે કેમ? તે નિર્ણીત કરતા સમયે તે અંગે કાયદાથી પ્રસ્થાપિત સિદ્ધાંત લક્ષમાં લેતા, દિવાની કેસોમાં રજુ પુરાવાથી રેકર્ડ પર આવેલ હકીકતો, જે પક્ષકાર પર સાબિતીનો બોજો હોય, તેટલે અંશે સાબીત કરવાની હોય છે અને કોઇપણ સમજુ માણસ માની શકે તે રીતે અદાલતે સ્વિકારવાની હોય છે. આ દાવામાં ફ્રેમ કરેલ મુદ્દાઓ નો ઉપરોકત ચર્ચા કર્યા મુજબના પુરાવાના મુલ્યાંકન અંગેના સ્થાપિત સિદ્ધાંતો

ને લક્ષમાં લઈ નિર્ણય કરવામાં આવેલ છે. આ કામના વાદીપક્ષકાર તરફેથી નીચે અનુસારના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા સદર દાવાના કામે રજુ થવા પામેલ છે.

**મૌખીક પુરાવા ::–**

| અનુક્રમ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૦૧ | સંજયકુમાર પ્રેમજીભાઈ નકુમ નાયબ ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. સબ ડીવીઝન ધ્રાંગધ્રાનાઓનું સોંગદપરનું સોંગદનામું. | ૦૭ |

**દસ્તાવેજી પુરાવા ::–**

| અનુક્રમ નંબર | દસ્તાવેજ ની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પ્રતિવાદીની બાકી રકમ દર્શાવતું સ્ટેટમેન્ટ | ૦૯ |
| ૦૨ | ગ્રાહક ની ડી.પી.સી.સી. | ૧૦ |
| ૦૩ | પ્રફોર્મા નંબર–૧૨. | ૧૧ |
| ૦૪ | સ્થળ રોજકામ. | ૧૨ |
| ૦૫ | ગેટપાસ | ૧૩ |
| ૦૬ | લીગલ નોટીસ | ૧૪ |
| ૦૭ | પ્રતિવાદીને મલ્યા અંગેની પહોંચ | ૧૫ |
| ૦૮ | એન્ડ ઓફ સ્ટેટમેન્ટ | ૧૬ |

આ કામના વાદીપક્ષકાર તરફેથી સદર દાવાના કામે તેઓને વધુ કોઈ લેખીત કે મૌખીક પુરાવા પ્રસ્તુત કરવા ન હોવા સબંધેની કલોઝીંગ પુરશીસ આંક–૧૭ રજુ થવા પામેલ છે.

**મુદા નંબર–૧ થી ૩ ના નિર્ણયો અંગેના કારણો :–**

**(૦૫)** ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, જેથી પુરાવાનું પુનરાવર્તન ટાળવા સારૂ ઉપરોકત મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૦૫/૧)** સદર દાવાના કામે વાદી પક્ષકાર તરફેથી રેકર્ડે રજુ સમગ્ર પુરાવા હકીકતોનો વંચાણે લેતા આ કામના વાદી વિજ કંપની તરફથી રજુ મૌખીક પુરાવામાં તેઓ દ્વારા રજુ સદર દાવા અરજીની હકીકતો મુજબની જ તેમજ દાવાના રેકર્ડ મુજબ ની જ હકીકતો જણાવેલ છે. આ કામના પ્રતિવાદી

વાદી કંપની ના કાયદેસરના ગ્રાહક છે તેવી હકીકત ને રજુ પુરાવા થી સમર્થન મળે છે. જયારે આ કામના પ્રતિવાદી પક્ષકારે વાદી દ્વારા રજુ દાવાના કામે સમગ્ર પુરાવા હકીકતોને ખંડનાત્મક પુરાવો રજુ કરવા સબંધે અત્રેની અદાલત દ્વારા પ્રતિવાદી પક્ષકારને પુરતી અને ન્યાયીક તક્કો આપવા છતાં પ્રતિવાદી જાતે કે તેમના તરફેથી કોઇ પ્રતિનિધીની નિમણુંક કરાવીને અત્રેની અદાલત સમક્ષ તેવી વ્યકિત કે પ્રતિવાદી જાતે ઉપસ્થિત રહીને વાદી પક્ષકાર તરફેથી રજુ સદર દાવાના કામે સમગ્ર પુરાવાને ખંડનાત્મક રીતે પ્રતિવાદી પક્ષકાર પોતાના પક્ષે કોઇ જ મૌખીક કે દસ્તાવેજી પુરાવો સદર દાવાના કામે રજુ રાખીને પડકારેલ પણ નથી જેથી પ્રતિવાદી, વાદી કંપનીનાં ગ્રાહક છે તેવી વાદી ની હકીકત ન માનવાને કોઇ કારણ રહેતું નથી.

(૦૫/૨) આ કામના વાદી કે જેઓ વિજ કંપની છે અને જે વિજ કંપની સરકારશ્રીની કંપની છે. આ કામના વાદી વિજ કંપની દ્વારા રજુ રેકર્ડ પરનો સમગ્ર પુરાવા હકીકત મુજબ પ્રતિવાદીનાઓ દ્વારા જે વિજ વપરાશ કરેલ તે સબંધેનો વાદીપક્ષકાર તરફેથી ખાતાનો ઉતારો રજુ કરવામાં આવેલ છે અને જે ઉતારો સામાન્ય ક્રમમાં રાખવામાં આવતા હિસાબી ચોપડા નો ઉતારો છે. જેથી સદર દસ્તાવેજ ન માનવા ને કોઇ કારણ નથી.

(૦૫/૩) આ કામના વાદીપક્ષકાર તરફેથી રેકર્ડે રજુ પુરાવા ને ધ્યાને લેતાં, આ કામના પ્રતિવાદીનાઓ વાદી વિજ કંપનીના કાયદેસરના ગ્રાહક છે અને આ કામના પ્રતિવાદીનાઓ વિજ કંપની ગ્રાહક નંબર ૭૨૭૪૨/૦૦૧૦૪/૨ થી વાદી વિજ કંપની દ્વારા પુરો પાડવામાં આવતો હતો અને આ કામના પ્રતિવાદીનાઓએ તેમની માલીકી અને કબજા ભોગવટાવાળી જગ્યામાં વાદી વિજ કંપની દ્વારા આપવામાં આવેલ વિજ કનેકશનથી વિજ વપરાશ કરેલ અને તે વિજ વપરાશ કર્યા બાદ જે વિજ બીલની લેણી નિકળતી રકમ પ્રતિવાદીનાઓને વાદી વિજ કંપની દ્વારા અવાર નવાર વિજ બીલની રકમ ભરપાઇ કરી જવા જણાવવામાં આવેલ છતાં પ્રતિવાદી જાતે કે અન્ય કોઇ તેમના જવાબદાર વ્યકિત સાથે વિજ વપરાશની બાકી લેણી રકમ વાદી વિજ કંપની ખાતે ભરપાઇ કરેલ નથી જે વિજ વપરાશ કરેલ તેનું કાયદેસરનું વિજ બીલની લેણી રકમ સબંધેનું વાદી વિજ કંપની દ્વારા વિજ બીલ આપવામાં આવેલ અને જે પ્રતિવાદી દ્વારા નહી ચુકવતા હાલનો દાવા રકરેલ છે જેથી પ્રતિવાદીએ કરેલ વીજ વપરાશની રકમ વસુલ મેળવવા વાદી કંપની હક્કદાર છે.આ કામે વાદી તરફેથી રજુ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, વાદી વિજ કંપનીના ફરજ પરના કર્મચારીનાઓએ આંક–૦૭ થી તેઓએ તેમનું સર તપાસનું સોંગદનામું સદર દાવાના કામે પ્રસ્તુત રાખીને તે સોંગદનામા હકીકતોથી આંક–૯ થી આંક–૧૬ સુધી ના રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી કે જેઓ વાદી વિજ કંપનીના ગ્રાહક નંબર–

૭૨૭૪૨/૦૦૧૦૪/૨ ધરાવતા હતા જયારે જે વિજ પુરવઠાનો વપરાશ આ કામના પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ જે વિજ વપરાશના બીલની રકમના રૂપિયા બાકી લેણા તથા તે બાકી લેણી વિજ બીલની રકમ ભરપાઇ કરવામાં કરેલ વિલંબીત ચુકવણી ચાર્જની રકમ મળી કુલ રકમ રૂપિયા ૨૧,૯૧૫.૯૫/– પૈસા બાકી લેણા રહેલ છે અને જે રકમ પ્રતિવાદી નાઓએ સદર દાવો દાખલ કર્યા ત્યારથી આજ દિન સુધી વાદિ વિજ કંપનીને વસુલ આપેલ નથી કે આપવા અંગેની કોઇ તૈયારી બતાવેલ ન હોય તેથી આ કામના પ્રતિવાદીનાઓના સદર વિજ વપરાશ કર્યા અંગેના આપવામાં આવેલ બીલની રકમ અને તે બિલની રકમ ભરપાઇ કરવામાં પ્રતિવાદીએ જે વિલંબ કરેલ છે તે વિલંબતિ ચાર્જની રકમ સહિત વિજ કંપનીના બીલ અંગે આ કામના વાદી વિજ કંપનીની કચેરી ના ધારાધોરણ નિયમો અનુસાર વિલંબીત ચુકવણી ચાર્જની રકમ ૨૧,૯૧૫.૯૫/– પૈસા બાકી લેણી નિકળેલ છે અને આ કામના પ્રતિવાદીએ વિજ કંપનીના ગ્રાહક તરીકે કરેલ વિજ વપરાશના બીલની રકમ ચુકવી આપેલ ન હોય, વાદી વિજ કંપની દ્વારા પ્રતિવાદીનું વિજ કનેકશન પી.ડી.સી કરેલ અને વાદી વિજ કંપની દ્વારા પ્રતિવાદીની વિજ બીલની રકમ સબંધે નોટીસ આપવા છતાં પ્રતિવાદી દ્વારા કરેલ વિજ વપરાશના બીલની રકમ ચુકવી આપેલ નથી. જયારે વાદીપક્ષકાર દ્વારા સદર દાવાના કામે રજુ સમગ્ર પુરાવા હકીકતોને ખંડન કરતો લેશમાત્ર પુરાવો પ્રતિવાદી પક્ષકાર અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત રહીને કરી શકેલ નથી. જેથી વાદી પક્ષકારની સમગ્ર દાવા હકીકત મુજબ આ કામના વાદી પ્રતિવાદી પાસેથી સદરહું દાવાવાળી રકમ મેળવવા હક્કદાર બને છે.

**(૦૫/૪)**આ ઉપરાંત વાદી વિજ કંપની દ્વારા આ કામના પ્રતિવાદી દ્વારા જે વિજ કંપનીના કાયદેસરના ગ્રાહક હતા અને જે તે સમયે પ્રતિવાદી દ્વારા વિજ વપરાશ કરેલ તેનું બીલ આપવામાં આવેલ છે અને તેવી રકમ ભરવા માટે વાદી વિજ કંપની દ્વારા પ્રતિવાદીને નોટીસ પણ આપવામાં આવેલ છે તેમ છતાં આ કામના પ્રતિવાદી દ્વારા કરેલ વિજ વપરાશના બીલની રકમ ભરપાઇ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં વાદી કંપની જી.ઇ.આર.સી.આર(સપ્લાય કોડ)કે જે વીજ અધિનીયમની જોગવાઇ હેઠળ બનાવવામાં આવેલ છે, તેની જોગવાઇ મુજબ બાકી લેણી રકમ પર નિર્ધારીત દર મુજબ વિલંબીત ચાર્જીસ ની રકમ મેળવવા હક્કદાર છે તેમ ઠરાવવામાં આવે છે.

**(૦૫/૫)**આમ, ઉપરોકત વાદી વિજ કંપનીના ફરજ પરના અધિકારી દ્વારા અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત રહીને આપેલ મૌખીક પુરાવા હકીકત ને તેના સમર્થનમાં રેકર્ડ પર રજુ દસ્તાવેજોથી વાદી પક્ષકારનો દાવો સમયમર્યાદામાં હોવાની હકીકત સ્પષ્ટ છે.આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી આ કામના પ્રતિવાદી પક્ષકાર પાસેથી સદર દાવાવાળી રકમ વસુલ મેળવવા હક્કદાર

છે. વાદી દ્વારા દાવાવાળી રકમ ઉપર દાવા તારીખ થી તેવી રકમ વસુલ થતા સુધી વાર્ષીક ૧૮% વ્યાજ ની માંગણી કરવામાં આવેલ છે. જે અંગે સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૪ ની જોગવાઇ ને લક્ષમાં લેતા, વાદી કંપની દાવાવાળી રકમ પર નેશનલાઇઝડ બેંક ના પ્રર્વતમાન દર મુજબ વાર્ષીક ૬% લેખે વ્યાજ મેલવવા હક્કદાર છે.તેમ ઠરાવવામાં આવે છે.આમ, ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબ ના કારણોસર **મુદ્દા નંબર–૧ નો નિર્ણય હકારમાં** ઠરાવવામાં આવે છે.

(૦૬) વધુમાં સદર દાવાના કામે વાદીપક્ષકાર તરફેથી રેકર્ડ પરનો રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવા હકીકતોથી વાદીએ આ દાવો પ્રતિવાદી ની કસુરના કારણે કરવો પડેલ છે તે હકીકત વાદીપક્ષકાર સાબિત કરવામાં સફળ રહેલ હોય જેથી વાદી આ દાવાનો તમામ ખર્ચ આ કામના પ્રતિવાદી પક્ષકાર પાસેથી વસુલ મેળવવા હક્કદાર છે તેમ ઠરાવી અને તે મુજબ વાદી વિજ કંપની દ્વારા સદર દાવા હકીકતથી માગેલ દાદ અંશત:મંજુર કરવા પાત્ર જણાઇ આવતી હોય જેથી વાદી દ્વારા માંગવામાં આવેલ દાદ અશંત: ગ્રાહ્ય રાખીને તે મુજબ **મુદ્દા નંબર–૧ હકારમાં** અને **મુદ્દા નંબર–૨ નો નિર્ણય અશંત:હકારમાં** ઠરાવવામાં આવે છે. જયારે સદરહું દાવાના કામે નિર્માણ થયેલ મુદ્દા **નંબર–૩ અન્વયે નો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–::આખરી હુકમ::–**

**૧ ::–** વાદીનો દાવો ખર્ચ સહિત અંશત: મંજુર કરવામાં આવે છે.

**૨ ::–** આથી, ઠરાવવામાં આવે છે કે, વાદી પ્રતિવાદી પાસેથી કાયદેસરની લેણી રકમ રૂપિયા ૨૧૯૧૫.૯૫/– પૈસા પુરા સહિત આ રકમ પર દાવા તારીખ થી આ રકમ વસુલાત થતા સુધી ના સમયગાળા માટે વાર્ષીક ૬% લેખે વ્યાજ તેમજ આ દાવાનો વાદીને થયેલ તમામ ખર્ચ મેળવવા હક્કદાર છે.

**૩ ::–** જો પ્રતિવાદીઓ તેમ કરવામાં કસુર કરે તો, વાદી વિજ કંપની ઉપરોકત હુકમ મુજબની લેણી રકમ, પ્રતિવાદીનાઓની તમામ જંગમ તેમજ સ્થાવર મિલકતોમાંથી વસુલ મેળવી શકશે.

**૪ ::–** ચુકાદા મુજબ હુકમનામું દોરવું.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ–૦૬ ઠ્ઠી, માહે–માર્ચ, સને–૨૦૨૬, ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

**તારીખ ::–૦૬/૦૩/૨૦૨૬**
**સ્થળ ::–ધ્રાંગધ્રા.**

**(જયેશ બી.પરીખ)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ,**
**ધ્રાંગધ્રા.**
**કોડ નંબર–જીજે–૦૦૪૧૪**